॥ શ્રી દ્વારકેશો જયતિ ॥
॥ શ્રીવાક્પતયે નમઃ ॥

પુષ્ટિ પરિચય શ્રેણી
પુષ્પ - ૨

સુખદુઃખ
પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ

લેખક
પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Sukhdukh - Pushtimargiya Drushtikon
by Prof. Rameshbhai V. Parikh

© Shri Harsaniji Public Charitable Trust, Mehsana.

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૧૯૯૮ ● બીજી આવૃત્તિ : ઓક્ટોબર,૨૦૦૧
ત્રીજી આવૃત્તિ : જુલાઈ, ૨૦૦૫ ● ચોથી આવૃત્તિ : માર્ચ, ૨૦૧૨
પાંચમી આવૃત્તિ : ૨૦૧૫

: પ્રાપ્તિસ્થાન :
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
(રૂબરૂમાં અને પોસ્ટથી)
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં,
મહેસાણા-૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
●
શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
(ફકત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૫/-

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા

સુખદુઃખ - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ

સુખની શોધ

સદીઓ પહેલાંની વાત છે. યુરોપમાં ગ્રીસ દેશ. ત્યાં એક મોટો ફિલસુફ થઈ ગયો. એ કદી ઉપદેશ ન આપે. પ્રશ્નો પૂછે. સામા માણસના મોંએ જ સત્ય કઢાવે. એક ધોળા દિવસે તે હાથમાં સળગતું ફાનસ લઈને, ભરબજારે નીકળ્યો. આજે એને પ્રશ્નો પૂછવાનો મોકો લોકોને મળ્યો.

“સોક્રેટીસ, આ શું? ધોળે દિવસે દીવો!”

“હા, એક વસ્તુ ખોવાઈ છે. શોધું છું.”

“શું ખોવાયું?”

“સુખ. શેઠ, તમે કરોડપતિ છો. તિજોરી સોનાથી ભરી છે. તમારી પાસે સુખ છે?”

“ના.”

“ગુરુજી, તમે વિદ્વાન છો. લોકો તમારા પગ પૂજે છે. તમે સુખી છો?”

“ના.”

“નગરવધૂ, તમારી પાસે અઢળક રૂપ છે. સૌ તમારી ઈર્ષા કરે છે. તમે સુખી છો?”

“ના.”

“પ્રિય મિત્ર, તમારે સ્નેહાળ પત્ની છે. આજ્ઞાંકિત, તેજસ્વી પુત્રો છે. વિશ્વાસુ નોકર છે. તમે સુખી છો?”

“ના.”

‘‘કલાકાર, તમારી અપૂર્વ કીર્તિ છે. સૌ તમારી કલાની વાહવાહ કરે છે. તમે સુખી છો?’’

‘‘ના.’’

સોક્રેટીસ ગ્રીસ દેશની રાજધાની એથેન્સના ઘેરઘેર ફરી વળ્યો. કોઇએ ‘હા’ ન કહી.

તે ગામ બહાર ગયો. એક વૃક્ષ નીચે એક યુગલ બેઠું હતું. શરીર પર બંનેએ ફકીરી ઓઢી હતી. બાજુમાં પાણીનું માટલું હતું. પહેરવાની એક જોડ હતી. ખાવા બે સૂકા રોટલા હતા.

સોક્રેટીસે બંનેન પૂછયું : ‘‘તમે સુખી છો?’’

બંનેએ કહ્યું : ‘‘હા.’’

‘‘તમારા સુખનું કારણ?’’

‘‘સ્નેહ. અમે એકબીજાને વીસ વર્ષથી સ્નેહ કરીએ છીએ. અહીં રહીએ છીએ. એકબીજાની આંખમાં આંખ પરોવી બેસીએ છીએ. એકબીજાનાં રૂપને વખાણીએ છીએ.’’

‘‘રૂપને? ક્યાં છે રૂપ?’’

‘‘તમને નહીં દેખાય, કારણ તમારી આંખમાં પ્રેમ નથી.’’

સોક્રેટીસને સત્ય લાગ્યું. સુખ સ્નેહમાં છે.

એણે સૌને સમજાવવા માંડયું-કહેવા માંડયું : ‘‘સુખ સ્નેહમાં છે.’’

એક બટકબોલાએ સોક્રેટીસને પુછયું : ‘‘ખરેખર સુખ સ્નેહમાં છે?’’

‘‘હા.’’

‘‘તમે સુખી છો?’’

‘‘હા.’’

‘‘પણ તમારી પત્ની તો રોજ તમારી સાથે ઝઘડે છે. તમે સુખી કેવી રીતે?’’

‘‘એની વાત એ જાણે. હું એને ચાહું છું, એટલે એની હરકતોથી દુઃખી નથી. જ્યાં ચાહ છે, ત્યાં ભાવ છે. જ્યાં ભાવ છે, ત્યાં સુખ છે.’’

સુખની સંકલ્પના

સુખભૂખી એક વ્યક્તિએ પૂછયું : ‘‘સુખ એટલે શું?’’

‘‘આનંદ.’’

‘‘આનંદ એટલે શું?’’

‘‘તન અને મનની પ્રસન્નતા. મજા આવ્યાની લાગણી.’’

‘‘મજા, સુખ, આનંદ - બધું એક જ?’’

‘‘એક જેવું પહેલી નજરે લાગે, પણ ફરક ઘણો.’’

‘‘શો ફરક?’’

‘‘ભાવતું ભોજન મળે તો જીભને મજા આવે. જીભની મજા મન સુધી પહોંચે. મન ખુશ થાય.’’

‘‘સાચું. સારું સંગીત સાંભળવાથી કાનને મજા આવે. સારું દશ્ય જોવાથી આંખને મજા આવે.’’

‘‘જીભ, કાન, આંખ શરીરની ઇન્દ્રિયો છે. આ બધી મજા શરીરની - ઇન્દ્રિયોની મજા છે. એને અંગ્રેજીમાં *Pleasure* કહેવાય.’’

‘‘મજા અને સુખમાં શો ફેર?’’

‘‘સમાચાર મળે કે પરીક્ષામાં ફર્સ્ટ કલાસ આવ્યો. મન રાજી થયું. ધંધામાં લાભ થયો. મન રાજી થયું. કોઇએ આપણાં વખાણ કર્યાં. મન રાજી થયું મનનો રાજીપો એ સુખ. એને અંગ્રેજીમાં *Happiness* કહે છે.’’

‘‘શરીરનો આનંદ એટલે મજા-*Pleasure*. મનનો આનંદ એટલે સુખ- *Happiness*. સુખ અને આનંદ તો એક જ ને?’’

‘‘ના. એમાં ય ભેદ છે. મનનો આનંદ સુખ. આત્માનો આનંદ એ આનંદ. એને અંગ્રજીમાં *Bliss* કહે છે.’’

‘‘આત્માનો આનંદ કયો? કેવો હોય?’’

‘‘પરમાનંદની-પરમાત્માની પ્રાપ્તિ.’’

‘‘સમજણ ન પડી.’’

‘‘પરમાત્મા સચ્ચિદાનંદ. ઈશાવાસ્ય ઉપનિષદે એમને પૂર્ણાનંદ કહ્યા. પૂર્ણ આનંદ કેવળ પરમાત્માનો જ.’’

‘‘એ કેવી રીતે?’’

‘‘દરિયો જોયો છે?’’

‘‘હા.’’

‘‘દરિયામાં પૂર આવે?’’

‘‘ના.’’

‘‘દરિયો સૂકાઇ જાય?’’

‘‘ના.’’

‘‘બીજાં બધાં જળાશય અધૂરાં, છલકાય અને સૂકાય. દરિયો પૂર્ણ. એવું જ પરમાત્માનું. બધો આનંદ આપી દે, તો પણ એમનો આનંદ ઘટે નહીં. વળી એમનો આનંદ સનાતન. અનાદિ અને અનંત. એક વખત મળે તો કાયમ રહે.’’

‘‘જગતમાં એ આનંદ નથી?’’

જગતમાં જણાતું સુખ

‘‘ના. જગત પરમાત્માના સત્ અને ચિત્ અંશનું બનેલું છે. એમાં પરમાત્માનો આનંદ નથી.’’

‘‘તો આપણને આનંદ અનુભવાય છે, તેનું શું?’’

‘‘એ આભાસ-ભ્રમ છે.’’

‘‘કેવી રીતે?’’

‘‘કદી રણમાં મુસાફરી કરી છે?’’

‘‘ના.’’

‘‘રણમાં કેવળ રેતી હોય. સૂર્યના તડકામાં ચમકે. ત્યાં પાણી ન મળે. રણમાં મુસાફરી કરનાર પ્રવાસી તરસ્યો થાય. પાણી શોધવા ફાંફાં મારે. તે માટે ચારે બાજુ નજર લંબાવે. દૂર દૂર પાણી દેખાય. આશામાં ને આશામાં મૂઠીઓ વાળી દોડે. ત્યાં પહોંચે ત્યારે, ત્યાં રેતી જ રેતી હોય. ચમકતી રેતીએ પાણીનો આભાસ-ભ્રમ કરાવ્યો.’’

‘‘એ મૃગજળ કહેવાય.’’

‘‘હા, જગતમાં શરીર અને મનનાં બધાં જ સુખો એ મૃગજળ જેવાં છે. સુખ હોવાનો ભ્રમ છે. સાચાં સુખ નથી.’’

‘‘કેમ?’’

‘‘કારણ કે સાચું સુખ, સાચો આનંદ - શાશ્વત(કાયમી) હોય. ભાવતું ભોજન કરવા સારી હોટેલમાં ગયાં. જવાનો શ્રમ. ત્યાં નંબર લાગે, ત્યાં સુધી રાહ જોવાનો શ્રમ. ખિસ્સું ખંખેરાઇ ગયાનો ગમ. પછી એસીડીટીની તકલીફ, અપચો, અકળામણ, આળસ. બે કલાક પછી પાછા ભૂખ્યા! ભોજનનું સુખ કેટલી મિનિટનું અને દુઃખ કેટલા કલાકનું?’’

‘‘વાત વિચારવા જેવી છે.’’

‘‘દીકરો જન્મ્યો. સુખ થયું. દીકરાને ઉછેરવાની, ભણાવવાની તકલીફો. જુવાન દીકરો સામો થાય, સ્વચ્છંદી બને. પરણીને જુદો થાય. પુત્રજન્મનું સુખ થોડી મિનિટોનું. દુઃખ વર્ષોનું. શરીરની મજા ને મનનું સુખ કયાં કાયમી છે?’’

‘‘ખરી વાત. એ બધું મેળવતાં દુઃખ, ભોગવ્યા પછીયે દુઃખ. તો પછી સદીઓથી કહેવાતો બુદ્ધિશાળી માણસ આવા સુખની પાછળ ફાંફાં મારતો કેમ દોડે છે?’’

‘‘એક કથા છે. એક ધોબીનો ગધેડો. એનો માલિક એના પર ધોવાનાં કપડાંનાં ગાંસડા લાદી, સવારે નદીએ જાય. ધોબી કપડાં ધૂએ, ત્યાં સુધી ગધેડો પેટ ભરવા યથેચ્છ રખડે. નજીકમાં એક ખેતર. તેમાં ગાજર પાકેલાં. ગધેડાને મીઠાં ગાજર ભાવે. જઇને ખાઇ આવે. ખેડૂત મારે તો ય બીજે દિવસે જાય. ખેડૂતે એક યુક્તિ કરી. ચાર-પાંચ ગાજર દોરામાં પરોવી, ગધેડાના ગળે દોરો બાંધી દીધો. ગધેડો ગાજર ખાવા મોં નમાવે, મથે. પણ ગાજર

મોંમાં ન આવે. હાથવગાં ગાજર ખાવાના સસ્તા લોભે ખેતરમાં જવાનું ભૂલી ગયો. ભૂખ્યો રહ્યો.''

''આ ગધેડો આપણો જ પ્રતિનિધિ છે? આપણે ગધેડા જેવા છીએ?''

''બંધબેસતી પાઘડી પહેરી લેવાની છૂટ છે. જગતનાં કહેવાતાં આભાસી સુખનાં બેચાર ગાજર ગળે લટકાવી, પરમાત્માના સાચા સુખના ગાજરના ખેતરથી વિમુખ થનારને બીજું શું કહેવાય?''

''તમે તો આજે આંખ ખોલી દીધી!''

''મેં નહીં, શ્રીવલ્લભચાર્યજી મહાપ્રભુજીએ. એમણે આ સત્ય સમજાવ્યું. મેં તો એમની વાત તમને સમજાય, માટે તમારી ભાષામાં કહી.''

પરમાત્માનો આનંદ

''પરમાત્માનો આનંદ આત્માને - આપણને મળે તો જ એ સાચો આનંદ, સાચું સુખ એ વાતની ગડ બેસી ગઈ. પણ એ જાણવાનું મન થાય છે કે પરમાત્મા પાસે પૂર્ણાનંદ એટલે કેટલો આનંદ હશે?''

''એ પણ શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે.''

''તો કહોને!''

''દૂધને, અનાજને માપવાનાં માપ હોય.''

''હા, દૂધ લીટરમાં અને અનાજ કીલોમાં મપાય.''

''તો આનંદ શામાં મપાય?''

''એ તો ખબર નથી.''

''એનું યુનિટ વેદમાં બતાવ્યું. યુવાન પુરુષ હોય. સંપૂર્ણ તંદુરસ્ત, સૌથી વધુ દેખાવડો, આખી પૃથ્વીનો ચક્રવર્તી રાજા હોય. સૌથી વધુ સત્તા અને સંપત્તિનો માલિક, સૌથી વધુ શક્તિશાળી અને વિદ્વાન હોય, રૂપાળી, ગુણિયલ, પ્રેમાળ પત્ની હોય. આજ્ઞાંકિત, તેજસ્વી, દેખાવડાં સંતાનો હોય. વફાદાર આજ્ઞાપાલક નોકરો હોય. એવા માણસનો આનંદ એટલે આનંદનું એક યુનિટ - એક માપ.''

''બાપરે! આપણી પાસે તો આના લાખમા ભાગનું યે નથી!''

''માણસના આવા સો આનંદ = દેવોના સેવક યક્ષનો એક આનંદ. યક્ષના સો આનંદ = ગંધર્વનો એક આનંદ. ગંધર્વના સો આનંદ = અપ્સરાનો એક આનંદ. અપ્સરાના સો આનંદ = ઉપદેવ-દેવીનો એક આનંદ. એમના સો આનંદ = મોટા દેવોનો એક આનંદ. એમના સો આનંદ = દેવરાજ ઈન્દ્રનો એક આનંદ. દેવરાજ ઈન્દ્રના સો આનંદ = બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો એક આનંદ. એમના સો આનંદ = પરમાત્માના નિવાસધામ અક્ષરબ્રહ્મનો એક આનંદ.''

''અને અક્ષરબ્રહ્મના સો આનંદ = પરમાત્માનો એક આનંદ, ખરું ને?''

''ના વેદ કહે છે. અક્ષરબ્રહ્મના આનંદ સુધી જ ગણત્રી થઇ શકી છે. તેથી આગળ પરમાત્માના આનંદની ગણત્રી અશક્ય છે. તે અગણિતાનંદ છે.''

''બાપરે! આનો અર્થ એ થયો કે આપણો આનંદ તો આખી પૃથ્વી પાસે એક ટાંકણીના ટોચકા જેટલો ય નથી.''

''હા, અને તે પણ આભાસ. એટલે સવાલ એ છે કે આપણે એટલાથી સંતોષ માનવો છે? વધુ જોઇએ છે? સાચો જોઇએ તો કેટલો જોઇએ છે?''

''મને પૂછો તો પરમાત્મા પાસે છે તે બધો.''

''દુનિયામાં લખપતિ પાસે દાન માગવા જઇએ તો હજાર રૂપિયા મળે. કરોડપતિ લાખ આપે. અબજપતિ દસ લાખ આપે. જેવું માણસનું, એવું દેવદેવીનું. એમની પાસે છે તે બધો આનંદ તેઓ ન જ આપે. હોય તેમાંથી થોડો આપે. પરમાત્મા પાસે જ અખૂટ-અનંત આનંદ છે. દરેકને પૂરોપૂરો આપી દે, તો યે એમનો સ્ટોક અકબંધ જ રહે. એટલે જ શ્રીમહાપ્રભુજી કહે છે - પૂરો આનંદ પરમાત્મા પાસેથી જ મળે.''

પરમાત્માના આનંદની પ્રાપ્તિ

''દુનિયાની ચીજવસ્તુ તો પૈસાથી મેળવાય. પરમાત્માનો આનંદ શાનાથી મેળવાય?''

“સરસ પ્રશ્ન પૂછ્યો. આજકાલ તો લોકો એ મેળવવા માટે ય રૂપિયાથી પરમાત્મા સાથે સોદો કરે છે. અમે તમને ભેટ ધરીએ, ભોગ ધરીએ; તમે અમને મનવાંછિત સુખ આપો. આ તો વેપારી- સોદો થયો. પરમાત્મા આપણા જેવા લૌકિક થોડા છે? જેમને એક લક્ષ્મીજી નહીં - હજારો લક્ષ્મીઓ ચરણસેવા કરનારાં છે, એ પ્રભુને પૈસાથી ખરીદવાની વાત મૂર્ખતા જ કહેવાયને? એટલે પરમાત્માને પેસાથી નહીં પટાવી શકાય.”

“તો?”

“પરમાત્મા પ્રેમ-આનંદ સ્વરૂપ છે. ખાંડની ચાસણીને ઢીંગલીના બીબામાં ઢાળીએ, તો ખાંડની ઢીંગલી બને. એનાં બધાં અંગ ખાંડનાં જ હોય. એમ પ્રભુનાં બધાં શ્રીઅંગ આનંદરસનાં છે. આવા પ્રેમસ્વરૂપ પરમાત્માને મેળવવા, એમનો આનંદ મેળવવા માણસ પોતાની પાસે જે હોય તેનો ઉપયોગ કરે.”

“સમજણ ન પડી.”

“કેટલાક માણસો પાસે બુદ્ધિ વધારે હોય છે. તેઓ બુદ્ધિ વડે - જ્ઞાનથી પરમાત્માને મેળવવા પ્રયત્ન કરે. એને જ્ઞાનમાર્ગ કહેવાય. બહુ કઠણ માર્ગ છે. તપથી જ્ઞાન મેળવાય. તપ કઠિન છે.”

“એ વાત સાચી.”

“જેમની પાસે શરીરની શક્તિ છે, તેઓ તેના વડે પરમાત્માને પામવા મથે છે. તેઓ વ્રત કરે, યાત્રા કરે, યજ્ઞ કરે, જપ કરે, કથાશ્રવણ કરે, દાન કરે. તેને કર્મમાર્ગ કહેવાય, એમાં શરીરને બહુ કષ્ટ થાય, એ પણ સહેલું નથી.”

“ખરું.”

“થોડાક લોકો એવા છે કે એમનામાં લાગણી - સ્નેહ વધારે છે. તેઓ એ લાગણી - સ્નેહ પરમાત્મા ઉપર વરસાવે, ત્યારે તેને ભક્તિ કહેવાય છે. એટલે ત્રીજો માર્ગ ભક્તિમાર્ગ છે. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ કરતાં તે વધારે સરળ છે અને સહજ(કુદરતી) પણ છે. બધા જ ભક્તિ કરી શકે છે, કારણ પરમાત્માએ સૌને લાગણીનું દાન તો કરેલું જ છે.”

“તદ્દન સાચું. ફાંસીનો ગાળિયો ખેંચનાર જલ્લાદમાં ય એના કુટુંબ માટે તો લાગણી હોય છે જ.”

“આ પ્રેમમાર્ગ- ભક્તિમાર્ગના અનુભવી એક ભક્તકવિએ એમનો જાત-અનુભવ કહ્યો છે, તે જાણવા જેવો છે.”

“કહો”

“પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે ।
જદપિ રૂપ ગુન સીલ સુઘરતા ઈન બાતન ન રીઝૈયે ।।
સતકુલ જનમ, સુભ લચ્છન, બેદપુરાન પઢૈયે ।
‘ગોવિંદ’પ્રભુ બિના સ્નેહ સુવા લૌં, રસના કહા જુ નચૈયે ।।”

“ અમારી ભાષામાં સમજાવોને.”

“કોઈ વ્યક્તિ ગમી ગઈ. એને પામવી છે. એનું સુખ માણવું છે. એની સાથે સહજીવન જીવવાની ઈચ્છા છે, જેથી આંખોથી એનું રૂપ પીએ, કાનથી એની વાણીનો રસ પીએ, નાકથી એના અંગની ગંધ લઈએ, એના સ્પર્શનાં સ્પંદન માણીએ. તો શું કરવું પડે?”

“પ્રેમમાં *One way traffic* - એકમાર્ગી વ્યવહાર ન ચાલે એ વ્યક્તિ આપણો સ્વીકાર કરે તો જ બને.”

“*Right.* એ વ્યક્તિ આપણો સ્વીકાર કરવા રાજી થાય, એ માટે શું કરવું?”

“એને *impress* કરવી પડે-રૂપથી, દ્રવ્યથી, જ્ઞાનથી, સત્તાથી કે ગુણથી તેને આકર્ષવી પડે.”

મોહ

“તમારી વાત અડધી સાચી. કેટલીક સામાન્ય વ્યક્તિઓ તમે કહો છો તેમ આકર્ષાય. આવું આકર્ષણ ક્યાં તો શારીરિક હોય કે ક્યાં માનસિક હોય. એને મોહ

કહેવામાં આવે છે. મોહ માણસનાં સાનભાન ભૂલાવી પણ દે. મોહ આંધળા બનાવે - સારાસાર ભૂલાવે. એક વિચારકે મોહને દૂધનો ઉભરો કહ્યો છે. દૂધના ઉભરાને રોકવા તેના પર પાણી છાંટીએ એટલે ઉભરો શમી જાય. મોહના સુખના દૂધનો માંડ ઉભરો આવે, ત્યાં જરાક વઢછટ થઈ એટલે પત્યું! મોહના સુખના ઉભરો શમી ગયો! પછી દાઝેલા દૂધના બેસ્વાદ જેવો કલેશ-કંકાશ-કડવાશ!”

“હા, હા, દુનિયામાં તો આજકાલ આવું જ દેખાય છે.”

“કારણ આપણને ચામડીનો મોહ છે, ધનનો મોહ છે, મોજમજા કરવાનો મોહ છે આ મોહ કાચ જેવો છે. નંદવાતાં જરા ય વાર ન થાય. એકવાર નંદવાય, પછી સાંધી એ તો યે તિરાડ તો રહી જ જાય. મોહનાં સુખ ભોગવવાનો સ્વાર્થ જ મુખ્ય છે. સ્વાર્થ માણસને સંકુચિત બનાવે, અસહિષ્ણુ બનાવે, અશાંત બનાવે. સ્વાર્થના પાયા ઉપર રચાયેલા સંબંધો મોહના સંબંધો છે, પ્રેમના સંબંધો નથી.”

“એક વાક્ય વાંચવામાં આવેલું. તે આજ સુધી નહોતું સમજાયું. હવે સમજાય છે. *Love is a disease. Marriage is a medicine. When one takes medicine, disease disappears* (પ્રેમ રોગ છે. લગ્ન તેની દવા છે. વ્યક્તિ દવા ખાય એટલે રોગ જાય.) પ્રેમના નામે લગ્ન કર્યા પછી, પ્રેમ જ રહેતો નથી!”

પ્રેમ

“એનું કારણ જ એ. તે પ્રેમ નથી, મોહ છે. પ્રેમ તો જુદું જ તત્ત્વ છે. જ્યાં સાચો પ્રેમ છે, ત્યાં જ સુખ છે. શ્રી ઝવેરચંદ મેઘાણીએ લખ્યું છે કે ‘પ્રેમનો લાડુ વાતો કરવાના પોચા પાણીથી બનતો નથી. એમાં જોઈએ ખપી જવાની તાકાતનું પાકી તાવણનું ઘી.’ પ્રેમ બે આત્માઓ વચ્ચેનો ભાવનાત્મક સંબંધ છે. પ્રેમ થવા માટે ન કોઈ સ્વાર્થ હોય, ન કારણ હોય. એક કવિએ કહ્યું છે કે ‘પ્રેમને કારણો સાથે કંઈ યે સંબંધ નથી.’ બસ, તેમાં બે જ તત્ત્વ હોય. સામી વ્યક્તિ માટે સમર્પણ અને સ્વાર્પણ. આપણા સ્નેહનો પડઘો સામી વ્યક્તિ પાડે કે ન પાડે. સામી વ્યક્તિ આપણી વાત સ્વીકારે કે ન સ્વીકારે, સામી વ્યક્તિ ચાહે કે ધૂત્કારે, તેની તરફના સ્નેહમાં જરાય ઓટ ન આવે, મનમાં કડવાશ કે ખટાશ ન આવે, તો તે સ્નેહ પ્રેમ કહેવાય. મોહ વિકાર પામે, મોહમાં પ્રેમ ન સંભવે.”

“આવો પ્રેમ દુનિયામાં સંભવે?”

“જરૂર સંભવે. ‘ગીતગોવિંદ’ના ગાયક જયદેવજી તરફ તેમનાં પત્ની પદ્માવતીનો પ્રેમ, શીરી ફરહાદ, લયલા-મજનુ, હીર-રાંઝા....”

“આ બધી પુસ્તકોની વાતો, તે પણ જૂના જમાનાની. આજે શું આજે તો અમે ભૌતિકતાવાદી છીએ. આ શક્ય છે? આદર્શ જુદી વાત છે.”

“થોડાં વર્ષો પહેલાં મુંબઈ યુનિવર્સિટીના વાઈસચાન્સેલર પદે ડૉ. વાડિયા હતા. તેઓ પારસી હતા. વધુ અભ્યાસ માટે લંડન ગયા. જતાં પહેલાં તેમનું સગપણ એક પારસી કન્યા સાથે થયું હતું. ત્રણ વર્ષ પછી તેઓ પાછા આવ્યા તેમના ભાવિ સસરા તેમને મળવા આવ્યા. તેમણે કહ્યું: “તમારા ગયા પછી મારી દીકરીને શીતળા નીકળ્યા તેમાં તેને અંધાપો આવ્યો છે. માટે હું એના તમારી સાથેના વિવાહ ફોક કરવા આવ્યો છું. તમે બીજે લગ્ન કરી, સુખી થાવ.” ડૉ. વાડિયાએ કહ્યું : “વડીલ, હું શીતળામાં અંધ થયો હોત, તો તમે વિવાહ ફોક કરત? પરણીશ તો તમારી દીકરીને. એની જીવનભર સેવા કરીશ. એને જરાય ઓછું નહીં આવવા દઉં.” ડૉ. વાડિયાએ એમનું વચન પાળ્યું.

“વાહ! આવો ભાવસંબંધ જ જીવનને સુખથી ભરી દે.”

“એટલે તો એને ‘પ્રેમ’ કહ્યો છે. પ્રેમ=પ્ર+ઈમ. ઈમ=સુખ. પ્ર=પ્રકૃષ્ટ-શ્રેષ્ઠ. પ્રેમ એટલે શ્રેષ્ઠ સુખ. તે બે ઘડીના વિષયભોગનું સુખ નથી. માણસ માણસ વચ્ચે પ્રેમ હોય એ આકસ્મિક નથી. ધન, રૂપ, જ્ઞાન, ગુણ એનાં કારણ નથી ઉપનિષદ કહે છે કે એક આત્માનો બીજા આત્મા સાથે પ્રેમ છે, કારણ બધા જ આત્મા પરમાત્મના અંશ છે. પરમાત્મા પ્રેમસ્વરૂપ છે. પરમાત્મા

સર્વમાં રહેલા છે. લોહચુંબક લોહકણને ખેંચે, તેમ પરમાત્માનો પ્રેમ આત્માને એકમેક તરફ ખેંચે છે.''

''જગતમાં પ્રેમનો મહિમા ઘણો ગવાયો છે. ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્તે તેમના અનુયાયીઓને પ્રાણીમાત્ર તરફ પ્રેમ અને કરુણા રાખવાનો ઉપદેશ આપ્યો છે, અપકારનો બદલો ઉપકારથી વાળવાની શીખ આપી છે. જગતમાં જે-જે લોકો માનવતાવાદી છે, તેઓ માનવધર્મને અનુસરવાની વાત કરે છે. માનવધર્મમાં દીન, દુઃખી મનુષ્યોની સેવા અને પરોપકારભાવનાની જ વાત છે; તેથી એક સૂત્ર ઘણું પ્રસિદ્ધ પણ થયું છે કે 'જનસેવા એ પ્રભુ સેવા' સંસ્કૃત સુભાષિતોમાં પણ કહેવામાં આવ્યું કે પરોપકાર સજ્જનોનું આભુષણ છે. પ્રકૃતિનાં તત્ત્વો પરોપકારને વરેલાં છે. નદીઓ પરોપકાર માટે વહે છે, વૃક્ષો પરોપકાર માટે ફળ-ફૂલ-લાકડું આપે છે, સૂર્ય-ચંદ્ર પરોપકાર માટે પ્રકાશે છે. આમ, પરોપકારનો ઘણો મહિમા ગવાય છે. કેટલાક ચિંતકો એમ પણ કહે છે કે પરોપકારમાં જ સાચું સુખ રહેલું છે.''

''શ્રીમહાપ્રભુજી આ વિચાર સાથે પૂર્ણ સહમત નથી. મનુષ્યમાત્રે પરોપકાર કરવો જોઈએ, એ વિચાર સાથે કોઈ જ વિવાદ નથી. માનવસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ પ્રત્યે પ્રેમ રાખવો, એમાં પણ કોઈ વિવાદ નથી. સૌના ઉપર કરુણા રાખવી અને સૌને મદદ કરવી, એ પણ જરૂરી છે. એનાથી થોડુંક સુખ જરૂર મળે છે. પરંતુ ત્યાં પણ એક બાબતમાં સાવધાની જરૂરી તો છે જ. પરોપકાર કયા હેતુથી કરીએ છીએ, એ મુદ્દો ખાસ વિચારવા જેવો છે. પરોપકાર કરનારની નજર સામે બે હેતુ સામાન્ય રીતે હોય છે. : (૧) પરોપકાર કરવો, એ પોતાનું કર્તવ્ય છે. (૨) પરોપકાર કરવાથી પોતાને પ્રતિષ્ઠ મળશે. પરોપકારનાં કાર્યોમાં જોડાવાથી જનસંપર્ક વધશે અને તેનો પરોક્ષ લાભ વ્યવસાયમાં મળશે. પહેલો હેતુ નિષ્કામ છે, બીજો હેતુ સકામ છે. જે નિષ્કામ હેતુથી પરોપકાર કરે છે. તેને લાંબા ગાળાનું સુખ મળે છે. તેના ફળ રૂપે તેને પુણ્ય મળે છે. તે પુણ્ય જ તેને આલોકનાં અને પરલોકનાં

સુખો અપાવે છે. પરંતુ જે સકામ પરલોકમાં સુખો અપાવે છે. તેને આવું કાયમી કોઈ સુખ કે પુણ્ય મળતું નથી. ગીતાજીમાં ભગવાને સમજાવ્યું છે કે જે પોતાના માટે રાંધે છે, તે પાપ રાંધે છે. પોતાના સુખ કે યશ માટે પરોપકાર કરવો એ ધર્મ નથી, એટલે તેનું કોઈ પુણ્ય મળતું નથી. ઘણી કહેવાતી સેવાભાવી સંસ્થાઓ પરોપકારના નામે કેટલીક માનવીય મદદની પ્રવૃત્તિઓ કરતી હોય છે. ત્યાં પોતાની મહત્તા જગતમાં જણાય, લોકો તેમની પ્રશંસા કરે, એ જ ખ્યાલ મુખ્ય હોય છે. તેથી પ્રવૃત્તિ નાની હોય, પણ તેની રજૂઆત ઘણી મોટી થતી હોય છે. બૅનર લગાવી ફોટા પડાવાતા હોય છે, છાપાંઓમાં મોટા અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ બધું કરવા પાછળનો હેતુ સ્વ-પ્રતિષ્ઠા વધારવાનો હોય, તો તે સાચા સુખનો માર્ગ નથી.''

ભક્તિ

''જગતમાં પ્રેમનું સ્વરૂપ છે, તે વધુમાં વધુ આધ્યાત્મિક સ્તર સુધી પહોંચી શકે છે. જગતમાં પ્રગટ થતો પ્રેમ પૂર્ણ સ્વરૂપનો તો નથી જ. પ્રેમનું જ પરિણામ સુખ છે. જ્યારે પ્રેમ જ અપૂર્ણ હોય, ત્યારે તેના પરિણામે મળતું સુખ સંપૂર્ણ ક્યાંથી હોય? એટલે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે પરોપકાર, કરુણા વગેરેથી મળતું સુખ અપૂર્ણ સુખ છે, તે કામચલાઉ છે, કાયમી નથી. વેદથી લઈને સર્વ શાસ્ત્રોએ એક મતે કહ્યું છે કે સાચો અને સંપૂર્ણ પ્રેમ તો કેવળ પરબ્રહ્મ પરમાત્મા પાસે છે અને તેમને જ કરી શકાય. જગતના અન્ય ધર્મો પણ આ વાત સ્વીકારે છે. પરમાત્મા જ પ્રેમસ્વરૂપ છે. વેદમાં પરમાત્માનું સ્વરૂપ સમજાવતાં એમ કહેવામાં આવ્યું કે પ્રેમ એટલે આનંદરસ. પરમાત્મા આ અલૌકિક આનંદરસનું જ સાક્ષાત સ્વરૂપ છે. એટલે પરમાત્મા મળે તો જ સાચો અને પૂર્ણ પ્રેમ મળે. પરમાત્માનો સાચો અને સંપૂર્ણ પ્રેમ મળે, તો શાશ્વત-સનાતન સુખ મળે, પૂર્ણાનંદ મળે. પરમાત્માનો સાચો અને સંપૂર્ણ પ્રેમ મેળવવાનો માર્ગ આપણાં શાસ્ત્રોએ બતાવ્યો. શ્રીમહાપ્રભુજીએ શાસ્ત્રોના સાર રૂપે પરમાત્માના પ્રેમસ્વરૂપને પામવા માટે પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ બતાવ્યો છે. પ્રેમ આધ્યાત્મિક સ્તરનો છે, તો પ્રેમલક્ષણાભક્તિ આધિદૈવિક સ્તરની છે. તેનો સીધો સંબંધ આનંદરસના સાકાર

સ્વરૂપ પરમાત્મા; જેમને આપણે 'ભગવાન શ્રીકૃષ્ણ'ના નામે ઓળખીએ છીએ, તેમની સાથે છે. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાર્યું કે પ્રેમલક્ષણાભક્તિ એટલે ભગવાન શ્રીકૃષ્ણની હૃદયના સાચા-નિષ્કામ પ્રેમથી કરવામાં આવતી સેવા. પ્રેમનું જ દિવ્ય સ્વરૂપ ભક્તિ છે. આ ભક્તિતત્ત્વની મીમાંસા મહર્ષિ નારદ, શાંડિલ્ય વગેરે મહર્ષિઓએ જુદી-જુદી સંહિતાઓમાં કરી છે. ગીતાજીમાં ભગવાને ભક્તિયોગ સમજાવ્યો છે. શ્રીભાગવતજીમાં પણ ભગવાને ઉદ્ધવજીને વિસ્તારથી ભક્તિયોગ શીખવ્યો છે.''

ભક્તિ - અલગ અલગ મત

''ઘણા એમ કહે છે કે ભક્તિ એટલે પ્રેમ.'' દરેક મનુષ્યમાં ભગવાન છે, એટલે દરેક મનુષ્યને પ્રેમ કરીએ, તે ભક્તિ કહેવાય. કેટલાક એમ કહે છે કે આપણું દરેક કાર્ય કરતાં ભગવાનને યાદ કરીને તે કાર્ય કરીએ, તેનું નામ ભક્તિ. માણસ ખેતી ભગવાનને યાદ કરીને કરે, વેપાર કરે કે નોકરી કરે-ભગવાનને યાદ કરીને કરે, તો તેની ખેતી, વેપાર કે નોકરી ભક્તિ બની જાય; તો તે માણસ સુખનો અનુભવ કરે. આ વાત સાચી?''

ભક્તિ - શ્રીમહાપ્રભુજીનો મત

''શ્રીમહાપ્રભુજીનો મત અલગ છે. શ્રી મહાપ્રભુજી ભક્તિનું સ્વરૂપ બતાવતાં કહે છે કે ભક્તિમાં 'ભજ્' ધાતુનો અર્થ સેવા કરવી એવો થાય છે. તેને 'કિતન' પ્રત્યય લાગ્યો છે, તેનો અર્થ પ્રેમપૂર્વક થાય છે. માણસ કર્તવ્યથી સેવાનું કામ કરે, તો તે શુશ્રૂષા કહેવાય છે. માણસ પ્રેમપૂર્વક ભગવદ્સેવાનું કાર્ય કરે, તે ભક્તિ કહેવાય છે. ભક્તિમાં પ્રેમ મુખ્ય છે. પ્રેમ હૃદયનો એક ભાવ છે. એટલે એમ કહીએ કે અમે ભગવાનને પ્રેમ કરીએ છીએ, તો તેમ કહેવાથી પ્રેમ થઈ જતો નથી. કદાચ તે વાણીનો પ્રેમ હોય. વિચારનો કે વાણીનો પ્રેમ વર્તનમાં ઉતરે તે ખૂબ જરૂરી છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રેમની અભિવ્યક્તિ થાય, ત્યારે તે ભક્તિ બને છે. ભગવાન પ્રત્યેનો આપણો સહજ, શુદ્ધ અને નિષ્કામ પ્રેમ, તેમની સેવા, તેમની કથાનું શ્રવણ, તેમની કથાનું કીર્તન અને તેમના લીલા અને ગુણોનાં સ્મરણ રૂપે અભિવ્યક્ત થાય, ત્યારે તે ભક્તિ બને છે. ત્યાં સુધી તે કોરો શબ્દોનો પ્રેમ રહે છે. આથી ખેતી, વેપાર કે નોકરી કરીને તેની આવકમાંથી ભક્ત ભગવદ્સેવા કરે, તો તે ભક્તિનું એક અંગ બને છે. માત્ર ભગવાનની આગળ પગારનું કવર મૂકી દેવાથી, તે ભક્તિ બની જતી નથી. ભક્તે સવારથી રાત સુધીનું - ચોવીસ કલાકનું જીવન ભગવાનના સુખના હેતુથી, ભગવાનની સેવાના હેતુથી, ભગવાનની સાથે રહેવાના હેતુથી જીવવું જોઈએ; તો તેવા જીવનની દરેક ક્ષણ ભક્તિમય બને છે. આવી પ્રેમલક્ષણાભક્તિ ભક્તને જગતનાં અનેક દુઃખોની વચ્ચે સાચું સુખ આપે છે. રણમાં લીલોછમ રણદ્વીપ મળે અને પ્રવાસીને પ્રસન્નતા થાય, તેમ દુઃખસભર દુનિયામાં ભક્તને ભગવાનનાં સેવા-સ્મરણની ભક્તિથી જે સુખ મળે છે, જે સ્વસ્થતા અને આનંદ મળે છે તે બીજા લાખ ઉપાયે પણ મળતાં નથી. ભક્તિથી પ્રાપ્ત આનંદ અને સુખ ક્ષણિક નથી, શાશ્વત છે. તેના પ્રારંભે દુઃખ નથી, અંતે પણ દુઃખ નથી. જગતના ભૌતિક સુખ કરતાં આ સુખ તદ્દન જુદું જ છે. તે તન-મનને ભગવદ્રસના સુખથી તરબતર કરી દે છે. પરિણામે તે ભક્તને પોતાના ભગવાનમાં જ પોતાનું જગત સમાઈ ગયેલું લાગે છે. પછી તેને જગતનાં લૌકિક સુખો પાછળ મૃગજળની જેમ દોડવાનો વિચાર પણ આવતો નથી. શ્રીમહાપ્રભુજી આવા અલૌકિક સુખનું સ્વાગત કરે છે.''

ભક્ત દુઃખી કેમ?

''ઘણે ઠેકાણે એવું જોવામાં આવે છે કે શ્રીઠાકોરજીની સેવા કરનાર વૈષ્ણવ વધારે દુઃખી હોય છે, જ્યારે જે વૈષ્ણવ સેવા નથી કરતા, તે વધારે સુખી હોય છે! તો કેવી રીતે કહી શકાય કે સેવા કરવાથી સુખ પ્રાપ્ત થાય છે?''

''સુખ મનનો વિષય છે. બાહ્ય વાતાવરણથી સુખ નક્કી થતું નથી. જેમકે એક યુવતીને તેના અણગમતા યુવાન સાથે પરણાવવામાં આવે છે, ત્યારે લગ્નમંડપમાં કિંમતી સાડી અને ઘરેણાંમાં સજ્જ થઈને બેઠેલી એ યુવતી સુખી છે, એવું માની શકાય નહીં. તેનું અંતઃકરણ દુઃખની વેદના

અનુભવતું હોય એવું બને. આખા જગતને પોતાના અભિનયથી હસાવનાર ચાર્લી ચેપ્લીન તેના મનથી જેટલો દુ:ખી હતો, એટલો દુ:ખી મનુષ્ય ભાગ્યે જ બીજો હશે. લૌકિકમાં પણ સુખ-દુ:ખનો ખ્યાલ માણસને જોઇને આવી શકે નહીં. સુખ અને દુ:ખ માત્ર અંત:કરણ અનુભવે. કયારેક એ સુખ અને દુ:ખ આંખોમાં ડોકાઇ જાય, ત્યારે કુશળ મનુષ્યો એ પણ છૂપાવી શકે છે. હસતા મુખ પાછળ દુ:ખના ડુંગરા ખડકાતા હોય છે, જ્યારે બહારથી કોઇના મૃત્યુનો શોક વ્યકત કરવામાં આવે; પણ અંદર શોકનું નામોનિશાન પણ ન હોય એવું ય બને છે. એટલે સેવા કરનાર વૈષ્ણવ બહારથી નરમ તબિયતના જણાય કે પૈસેટકે સમૃદ્ધ ન દેખાય અથવા કુટુંબજનોથી, લૌકિક સુખથી વંચિત દેખાય, તો એવું માની લેવાની જરૂર નથી કે તેઓ ખરેખર દુ:ખી છે. લૌકિકમાં સાચા પ્રેમીને પોતાનું દુ:ખ કયારેય દુ:ખ લાગતું નથી. સાચા પ્રેમી એના પ્રેમાસ્પદના સુખે જ સુખી હોય છે. એના મનમાં પ્રેમાસ્પદના સુખની જ મસ્તી હોય છે. તે બાહ્ય દુ:ખને ગણકારતો નથી. એને પૂછો તો એમ કહેશે કે પ્રેમીનો પ્રેમ મળ્યા પછી એનાથી વધીને દુનિયામાં બીજું કોઇ સુખ નથી. એવી જ રીતે શ્રીઠાકોરજી માટે હૃદયના સાચા-શુદ્ધ પ્રેમથી જે શ્રીઠાકોરજીની સેવા કરે છે, એવા વૈષ્ણવને બાહ્ય દુ:ખોની કોઇ અસર હોતી નથી. સેવા કરનારને દુ:ખ હોય છે, એવું આપણે માનીએ છીએ, તેઓ માનતા નથી. સેવા કરનારને દુ:ખ જોવા મળે છે, તેનું કારણ આપણે આ જ પુસ્તિકાનાં આગળનાં પાનાંમાં જોઇશું; એટલે હમણાં એની ચર્ચા નહીં કરીએ. પરંતુ એક વાત નક્કી છે કે જે વૈષ્ણવો હૃદયના શુદ્ધ પ્રેમથી સેવામાં, કથાશ્રવણમાં, ભગવદ્કીર્તન અને ભગવદ્સ્મરણમાં તત્પર છે, એમને ત્રિલોકમાં સૌથી વધુ સુખ હોય એવો એમનો જાત-અનુભવ છે. એમનું સુખ ક્ષણિક નથી, શાશ્વત છે, કારણ કે સુખસાગર શ્રીઠાકોરજી સાક્ષાત મળી જાય, પછી લૌકિક સુખની અપેક્ષા એ વૈષ્ણવોને કદી રહેતી નથી. આથી શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે સાચું સુખ શ્રીઠાકોરજી જ છે, બીજે કયાંય નથી.''

માની લઇએ કે સાચું સુખ શ્રીઠાકોરજીમાં છે. પણ સંપત્તિ વિના તો જગતમાં જીવાતું નથી. જેની પાસે સંપત્તિ નથી, એમને જગતમાં સુખ કયાંથી મળે?

સંપત્તિ વિના સુખ ખરું ?

''સંપત્તિથી સુખ છે, એવું એ લોકો માને છે કે જેમની પાસે સંપત્તિ નથી; જે સંપત્તિના ભુખ્યા છે અને સંપત્તિના લોભી છે. જેમની પાસે અઢળક સંપત્તિ છે, એવા લોકોનાં હૃદય ઢંઢોળીએ તો ત્યાંથી એક જ જવાબ મળશે કે આ સંપત્તિ જ અમારાં સર્વ દુ:ખોનું કારણ છે. સંપત્તિથી અમે વધારે દુ:ખી છીએ! યુરોપના દેશની એક લોકકથા છે. એક રાજાને અઢળક સંપત્તિ હતી, છતાં તે વધુને વધુ સંપત્તિનો ભુખ્યો હતો. તેણે ઇશ્વરની આરાધના કરી. ઇશ્વરે દર્શન આપી, વરદાન માગવા કહ્યું. રાજાએ માગ્યું કે મારો હાથ જેને અડકે તે બધું સોનું થઇ જાય અને હું એ સોનાનો સ્વામી બનું. ઇશ્વરે વરદાન આપ્યું. રાજા રાજીનો રેડ થઇ ગયો. જ્યાં-જ્યાં હાથ લગાડે, ત્યાં ત્યાં સોનું થવા લાગ્યું. તેને એકની એક લાડકી દીકરી હતી. જીગરજાન હતી. એક દિવસ દીકરી પરના પ્યારને લઇને રાજાએ તેના માથે હાથ લગાડયો. જીવતી જાગતી એ દીકરી સોનાની મૂર્તિ બની ગઇ! રાજાએ ઘણાં માથાં પટક્યાં, પણ પરિણામ શૂન્ય આવ્યું. તેને દીકરી મળી નહીં. પુત્રીનું જે સુખ હતું, તે કાયમ માટે ગુમાવ્યું. એને જ્ઞાન થયું કે સોનાથી સુખ મેળવાતું નથી. સાચું સુખ તો હૃદયમાંથી જન્મે છે. આ પ્રસંગ આપણને સમજાવે છે કે સાચું સુખ સંપત્તિમાં છે, એવું સાચા વૈષ્ણવ ક્યારેય સ્વીકારતા નથી. જે વૈષ્ણવો પાસે અઢળક સંપત્તિ હતી, તેમણે પણ શ્રીઠાકોરજીની સેવામાં એ સંપિત્ત વાપરી હતી. અને જાતે જ સેવા કરી હતી. સેવાથી જ તેઓ સુખ પામ્યા હતા. કાશીના શેઠ પુરુષોત્તમદાસ, કનોજના દીવાન દામોદરદાસ સંભરવાળા, નરવરગઢના રાજા આશકરણજીના વાર્તાપ્રસંગો આપણાં ત્યાં મોજુદ છે.

વળી, શ્રીમહાપ્રભુજીએ એમ પણ સમજાવ્યું છે કે વૈષ્ણવે ભગવદ્સેવા છોડી, સંપત્તિ પાછળ દોટ મૂકવી નહીં. આજીવિકા માટે સંપત્તિ જરૂર કમાવવાના પ્રમાણિક પુરુષાર્થ કરવા, પરંતુ ભગવદ્સેવાના ભોગે સંપત્તિ કમાવામાં

રચ્યાપચ્યા રહેવું નહીં. ભગવદ્‌સેવા જ અલૌકિક સુખ આપનારી છે, સંપત્તિ પાછળની દોડ દુઃખ આપનારી છે. શ્રીમહાપ્રભુજીએ ત્યાં સુધી સમજાવ્યું કે ધર્મશાસ્ત્રોમાં બતાવેલા માર્ગે જ આજીવિકા મેળવવી. અપ્રામાણિકતા અને અનીતિથી મેળવેલું દ્રવ્ય શ્રીઠાકોરજીની સેવામાં ન વાપરવું. દેવું કરીને મેળવેલા દ્રવ્યથી પણ સેવા ન કરવી. બીજાની હાયનો પૈસો ઘરમાં ન આવે, તેની કાળજી લેવી; કારણ કે બીજાની હાયના પૈસાથી શ્રીઠાકોરજી કદી રાજી થતા નથી. વૈષ્ણવે સ્વમાનપૂર્વક, પ્રામાણિક રીતે, મહેનતથી જે કંઇ મળે તેમાં યથાલાભ સંતોષ માનવો; એ જ સાચા સુખ તરફ જવાનો માર્ગ છે. જે માણસ સ્વમાની હોય, નિર્ભય હોય, સ્વતંત્ર હોય તે જ સુખ પામી શકે છે. બીજાઓનો ઓશિયાળો રહેનાર, બીજાની હાજી-હા કરનાર, ખોટા રસ્તે પૈસા પામનાર, સદા ભયમાં જીવનાર કદી સાચા સુખનો પડછાયો પણ માણી શકતો નથી. આપણા અનેક વૈષ્ણવો રેંટિયો કાંતી તેમનો જીવનનિર્વાહ કરતા. મજૂરી કરી, સેવા કરતા.શ્રીઠાકોરજીને ઘી ચોપડ્યા વિનાની રોટી ધરતા, બાફેલા ચણાનો જ ભોગ ધરતા, છતાં તેમના ઉપર શ્રીઠાકોરજી પ્રસન્ન થઇ, સાક્ષાત દર્શન આપતા, તેમનો ભોગ પ્રસન્નતાથી આરોગતા. એ વૈષ્ણવો જેટલા સુખી હતા, એટલો સુખી જગતનો કોઇ ચક્રવર્તી રાજા પણ નહીં હોય! આપણા ૮૪/૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ શીખવે છે કે સાચું સુખ સંપત્તિમાં નથી, સુખ સગાં-સંબંધીઓથી નથી, સાચું સુખ દુનિયામાં મળતા યશ અને પ્રતિષ્ઠામાં પણ નથી, સાચું સુખ વિષયવાસનાઓ ભોગવવામાં નથી; સાચું સુખ કેવળ સાચા હૃદયથી અને સાચા પ્રેમથી શ્રીઠાકોરજીનાં સેવા-સ્મરણ કરવામાં જ છે. આજે પણ જેઓ સાચા સુખના આ માર્ગને સ્વીકારે છે, તેઓ એ સુખ માણે છે. કવિ પ્રીતમે પણ એથી જ કહ્યું કે :

'માંહી પડ્યા તે મહાસુખ માણે,
દેખનહારા દાઝે જોને;
તીરે ઊભા તે જુએ તમાશો,
તે ન પામે કોડી રે.'

દુનિયાના સુખ માટે વલખાં મારનાર તીરે ઊભા- ઊભા તમાશો જ જુએ છે, જ્યારે સેવાના સાગરમાં ડૂબનારા સાચા આનંદરસને માણે છે.

સાચા સુખનો માર્ગ - પુષ્ટિમાર્ગ

આથી પુષ્ટિમાર્ગ સાચા સુખનો માર્ગ છે, સાચા આનંદરસમાં ભીંજાઇને જીવવાનો માર્ગ છે. એ આનંદરસ મેળવવાનું સાધન પણ આનંદદાયિની સેવા અને સુખપ્રદ સ્મરણ છે, તેમાં દુઃખપૂર્ણ દેહદમન, વ્રત, નિયમ નથી. આવો આપણા સ્વભાવને અનુકૂળ, સરળ, સહજ અને સુગમ સુખનો માર્ગ આપણને શ્રીમહાપ્રભુજીની કૃપાથી મળ્યો છે. એ છોડીને બીજે ભટકવાથી કોઇ લાભ નથી. સાચું જ કહેવાયું છે કે ''એવા પ્રભુને છોડી, બીજે જ્યાં-જ્યાં ભટકવું, ત્યાં-ત્યાં ધુમાડાના બાથજી.''

દુઃખ વિષે વિચાર

દુઃખ શબ્દાર્થ

સુખ અને દુઃખ એવી અનુભૂતિઓ છે કે તે શબ્દોના અર્થના મૂળમાં જવાનું આપણને જરૂરી જ નથી લાગ્યું.

સુ=સારું, ખ=આકાશ. 'સુખ' શબ્દનો યોગાર્થ થાય = સારું, સુંદર, મનોહર આકાશ. આપણી આજુબાજુનું ભાવવરણ એ જ આપણું આકાશ. તનને મજા આવે, મન પ્રસન્ન થાય ત્યારે આપણને આપણી ચોમેર સુખનો-આનંદનો અનુભવ થાય. આથી સુખ એટલે આનંદ.

દુઃ(દુસ્)=ખરાબ. ખ=આકાશ. આકાશ લાંબો સમય વાદળછાયું રહે, [illegible] (*Gloominess*) લાગે છે. શરીરની સ્ફૂર્તિ હરાઇ જાય છે. 'મજા' નથી આવતી. એમ તન અને મનને શોક પીડે, ત્યારે શોકનાં વાદળો આપણા ભાવાવરણને ગમગીન બનાવે છે. તન-મનને ક્લેશ થાય છે. દુઃખ એટલે ક્લેશ.

દુઃખની ઉત્પત્તિ

માણસ એકલો હતો-વનવાસી હતો ત્યારે તેને દુઃખની ખબર ન હતી. વધુ સારું જીવન હોઈ શકે એવો વિચાર ન હતો, ત્યાં સુધી તે પોતાની જાતમાં મસ્ત હતો, સુખી હતો. જયારે તેની બુદ્ધિ વિકસી, ત્યારે તેને વધુ સારા જીવનની કલ્પના આવી. એ કલ્પનાએ, વિચારે તેના વર્તમાન જીવન માટે તેના મનમાં અસંતોષ જન્માવ્યો. એ અસંતોષે તેના જીવનમાં દુઃખનાં બીજ વાવ્યાં.

જનકનંદિની શ્રીરામ સાથે વનમાં જવા તૈયાર થયાં. શ્રીરામે વનજીવનની કઠોરતા કહી, પણ સીતાજીને તો પતિસુખમાં જ તેમનુ સુખ સમજાયું હતું. તેથી સહગમન કર્યું. દુ કૂળ તજી વલ્કલ પહેર્યાં. પલંગ તજી પૃથ્વી પર પોઢ્યાં. આવાં સંયમસુંદરીને સુવર્ણમૃગ દેખાયું. વલ્કલ કઠ્યાં. સુવર્ણ કંચુકીનો અસંતોષ જાગ્યો. તે જ ક્ષણથી પતિસુખ થયું. દુઃખનાં વાદળો ઘેરાયાં.

ગીતાજી સમજાવે છે- માણસનું મન સાત્ત્વિક હોય, ત્યાં સુધી તેને દુઃખ ન થાય. સાત્ત્વિકતા એટલે સંયમ, સંતોષ, વિષમતામાં સ્વસ્થતા. સાત્ત્વિકતાને સંગ ગમતો નથી, એકાંત ગમે છે.

માણસમાં રજોગુણ વધે એટલે ભોગેચ્છા જાગે, એટલે સંગ ગમે. સંગ કામ, ક્રોધ, લોભને જન્માવે. કામ, ક્રોધ, લોભ રજોગુણનાં સંતાન. ત્રણે પીડા કરે, દુઃખ આપે.

દુઃખનું મૂળ સંગમાં. સંગથી ઈચ્છા જાગે. ઈચ્છામાંથી અહંતા-મમતા જાગે. એ જ કામ, ક્રોધ, લોભ, પેદા કરે. તન, મન બંને શોકમય બને. સુખ શોધવા નીકળેલો માણસ દુઃખના કાદવના દરિયામાં ખૂંપીને મરે.

દુઃખની સંકલ્પના

દુઃખ તનનું, મનનું અને આત્માનું હોય. શરીર રોગી બને. રોગની પીડા થાય. તેનું દુઃખ થાય. દવા-ઈંજેકશનો-ઓપરેશન-હોસ્પિટલ ટ્રીટમેન્ટ, જુદા જુદા ટેસ્ટ આ બધું પણ પીડા કરે. શરીરને માર પડે. વાગે-ઘાયલ થાય. તેનું દુઃખ પણ થાય.ભૂખ-તરસ-અનિદ્રા-થાક પણ દુઃખ કરે.

મનમાં ચિંતા થાય, ચિંતા ઉદ્વેગ કરે. ઉદ્વેગનું દુઃખ માનસિક દુઃખ છે. મનમાં જૂની કડવી સ્મૃતિઓ સળવળે ત્યારે પણ મનને બેચેની થાય. ધંધાની ઉપાધિઓ, સ્વજનોનું મૃત્યુ, સ્વજનો-મિત્રોની ગંભીર માંદગી, કુટુંબીઓ-નોકરો દ્વારા થતો અનાદર-તિરસ્કાર, સહકાર્યકરો દ્વારા થતા પ્રપંચ-અદેખાઈ, માથે ચડી ગયેલું દેવું, ખર્ચજોગ આજીવિકાનો અભાવ, વધતી મોંઘવારી અને ખર્ચ, ઈચ્છાઓની અપૂર્તિ એમ અનેક પ્રકારનાં માનસિક દુઃખો માણસને પીડે છે.

આત્માને લગતાં દુઃખોમાં ભૂત-પ્રેતની પીડા, મલીન મંત્રતંત્રથી થતી પીડા મુખ્ય છે. આત્મા ભગવાનનો અંશ છે. ભગવાનથી અગણિત વર્ષો પહેલાં વિખૂટો પડ્યો છે. હજી તે ભગવાનને પામી શક્યો નથી. તેનો વિરહતાપ પણ કલેશરૂપ છે.

દુઃખોનું વર્ગીકરણ

શ્રીમહાપ્રભુજીએ આ બધાં દુઃખોનું વર્ગીકરણ ત્રણ વિભાગમાં કર્યુ છે.

(૧) આધિભૌતિક દુઃખ- તે શરીરને અને મનને લગતાં છે. તેમાં આધિ, વ્યાધિ અને ઉપાધિઓનો સમાવેશ થાય છે.

(૨) આધ્યાત્મિક દુઃખ- તેમાં આત્માને પીડાકારી દુઃખોનો સમાવેશ થાય છે. તેમાં મુખ્યત્વે ભૂત-પ્રેત, હીન દેવદેવી તરફથી મળતો દંડ, મંત્ર-તંત્રથી થતી બાધાનો સમાવેશ થાય છે.

(૩) આધિદૈવિક દુઃખ- તેમાં ભગવાન શ્રીકૃષ્ણને ન પામવાના વિરહતાપકલેશનો સમાવેશ થાય છે.

શ્રીમહાપ્રભુજીના મતે આ અલૌકિક વિરહતાપકલેશ દુઃખદ નથી, સુખદ છે. અંતઃકરણને રુચે છે. આત્મા તે ઈચ્છે છે. એ તો આત્માનું જીવન બને છે.

દુઃખ પેદા થવાનાં કારણો

શાસ્ત્રના મતે ત્રણ પરિબળો દુઃખ પેદા કરે છે. (૧) કર્મ (૨) કાલ (૩) સ્વભાવ.

(૧) કર્મ :

માણસ કે જીવસૃષ્ટિનું કોઈપણ પ્રાણી કર્મ કર્યા વિના રહી શકે જ નહિ. કર્મ દરેકના માટે અનિવાર્ય છે. કેટલાંક કર્મ નિત્યનાં હોય છે. કેટલાંક નૈમિત્તિક (પ્રાસંગિક) હોય છે. આ કર્મો પૈકી કેટલાંક સત્કર્મો હોય છે, જેમ કે, પરોપકાર, વ્રત, યાત્રા, યજ્ઞ વગેરે. કેટલાંક દુષ્કર્મ હોય છે. જેમ કે હિંસા, ચોરી, અસત્ય બોલવું, વ્યભિચાર, જુગાર, વ્યસનો વગેરે. બંને પ્રકારનાં કર્મોનું પરિણામ (ફળ) તે જીવે ભોગવવું જ પડે. તે કર્મો અનુસાર તેને ૮૪ લાખ યોનિઓમાંની કોઈ એક યોનિમાં બીજો જન્મ મળે છે.

સત્કર્મોથી પુણ્ય ભેગું થાય. દુષ્કર્મોથી પાપ જમા થાય. પુણ્યથી સંપત્તિ મળે, સત્તા મળે, ભૌતિક અને પરલોકનાં સ્વર્ગાદિ સુખો મળે. પાપથી વિપત્તિ મળે અને પરલોકમાં નરકનાં દુઃખ-પીડા મળે.

આપણે આ જન્મમાં જે સુખદુઃખ ભોગવીએ છીએ, તે તો આપણા સો જન્મ અગાઉના સોમા જન્મનાં કર્મોનું ફળ છે. ત્યારબાદનાં નવ્વાણું જન્મોનાં કર્મફળ તો હજી ભોગવવાનાં બાકી રહે છે!

(૨) કાલ :

કાલ એટલે સમય. આપણે કહેતા હોઈએ છીએ કે હમણાં મારો સમય સારો નથી. જ્યોતિષશાસ્ત્ર કાલ અને ગ્રહોના ભ્રમણના આધારે જાતકનાં સુખદુઃખની આગાહી કરે છે. રાહુકાલ દક્ષિણમાં અશુભ મનાય છે. અમાસ શુભ કામ માટે અશુભ મનાય છે. ધનાર્ક, શ્રાદ્ધપક્ષ આદિ દિવસો લગ્નાદિ માટે અશુભ ગણાયા છે. સત્કર્મ કરનારને ય કાલની ઝપટ વાગે છે. કાલ માણસની મતિ સુધારે છે યા બગાડે છે. તેની શુભાશુભ અસરમાં માણસ સત્કર્મ કે દુષ્કર્મ કરે છે, તેથી તેના ફળરૂપે તેને સુખદુઃખ ભોગવવાં પડે છે. હાલ ચાલતો કલિયુગ માણસને દુષ્કર્મ પ્રેરે છે, પીડે છે.

(૩) સ્વભાવ :

પ્રકૃતિના ત્રણ ગુણ સત્ત્વ, રજ, તમ આપણને જન્મજાત આપણા

સ્વભાવ રૂપે મળેલા છે. સત્ત્વ ગુણ સંયમ અને સંતોષ બક્ષે. તે સત્કર્મ કરાવે. રજોગુણ સંપત્તિનું સેવન કરાવે. તમોગુણ અનાચાર, હિંસા, ક્રોધ કરાવે. માણસનો સ્વભાવ માણસ પાસે તદનુસાર સત્કર્મ કે દુષ્કર્મ કરાવે છે, જેનું ફળ માણસને ભોગવવું પડે છે.

શાસ્ત્રો કહે છે કે સત્યયુગમાં એક માણસ દુષ્કર્મ કરે, તો તેનું પરિણામ આખા દેશને ભોગવવું પડતું. ત્રેતાયુગમાં ઘટીને તેનું પરિણામ આખા ગામને ભોગવવું પડતું. દ્વાપરયુગમાં તે તેના કુટુંબને ભોગવવું પડતું. હાલ કલિયુગમાં દુષ્કર્મ કરનાર વ્યક્તિને જ તે ભોગવવું પડે છે. વળી પરંતુ કલિકાલનો દુષ્પ્રભાવ જબરદસ્ત હોવાથી માણસમાત્રનાં દુષ્કર્મો વધ્યાં છે, સત્કર્મો ઘટ્યાં છે. તેથી દુઃખોની સંખ્યા અને માત્રા વધ્યાં છે, સુખ ઘટ્યું છે.

શાસ્ત્રના મતે દુઃખ મનુષ્ય પર નિર્ભર છે. તેનાં પાપકર્મોનું જ પરિણામ છે. ઈશ્વર દુઃખ આપતા નથી. તેઓ નિષ્ઠુર નથી. તેઓ તટસ્થ છે. તેથી કહ્યું: ‘કરે તેવું પામે’, ‘કરણી તેવી ભરણી’. માણસે આ જન્મમાં દુષ્કર્મ ન કર્યું હોય. નવજાત બાળક દુષ્કર્મ કરવા ક્યાં જાય? છતાં તેને દુઃખ આવે છે. તે તેનાં પૂર્વજન્મનાં કર્મોનું ફળ છે, તે નક્કી છે. આપણા જ હાથનાં કર્યાં આપણા હૈયે વાગે છે.

દુઃખ આવવાનો પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ

પુષ્ટિજીવો શ્રીપ્રભુના શ્રીઅંગમાંથી શ્રીપ્રભુની સેવા માટે જ પ્રકટ થયેલી, તેમની નિત્યલીલાની દિવ્ય સૃષ્ટિ છે. નિત્યલીલામાં એ પૈકીના જે જીવોને સૌભાગ્યમદ થયો યા સેવામાં અભિમાન થયું યા સેવામાં શિથિલતા થઈ યા ભગવદાજ્ઞાનુ ઉલ્લંઘન કરવાની ઉદ્ધતાઈ થઈ, તેમને તેમના અપરાધના દંડ રૂપે પૃથ્વી ઉપર જન્મવાના શાપ મળ્યાં. ‘શાપં દાપયતિ કવચિત્.’ એ જીવો તેમનો શાપ ભોગવવા મનુષ્યદેહે જન્મ્યા. કેટલાય જન્મો લીધા હશે. આખરે તેમના માટે શ્રીમહાપ્રભુજી પૃથ્વી ઉપર પધાર્યા. તેમને બ્રહ્મસંબંધ કરાવ્યું અને તેમનો ફરી ઉદ્ધાર થયો.

પુષ્ટિજીવોએ કરેલ ભગવદપરાધ ભોગવવા એમને જન્મ મરણનાં દુઃખ આવ્યાં.

શ્રીપ્રભુનો શાપ પણ ગુપ્ત વરદાન જ હોય છે. ભગવદપરાધની નિવૃત્તિ તો થવી જ જોઇએ. તે ન થાય ત્યાં સુધી અલૌકિક ફળ ન મળે. માટે તો શ્રીમહાપ્રભુજીએ આપણને શરણે લઇ, ભગવદપરાધની નિવૃત્તિ કરાવી. આપણો હાથ પ્રભુને સોંપ્યો. શ્રીપ્રભુએ ફરી આપણો હાથ પકડીને શ્રીમહાપ્રભુજીને વચન આપ્યું કે હું આ જીવનો તમે સોંપેલો હાથ કદાપિ છોડીશ નહિ, તે કૃપાના ફળ રૂપે અલૌકિક સામર્થ્ય (તનુનવત્વ) પ્રાપ્ત થતાં, સાક્ષાત ભગવદાનુભવ થાય. ભગવદપરાધથી પૃથ્વી પર જન્મવાનો શાપ કેવળ દુઃખરૂપ નથી. તે *Blessing in disguise* (ગુપ્ત આશીર્વાદ) છે.

કેટલાક વૈષ્ણવો અણસમજમાં કહેતા હોય છે કે જે સારી રીતે સેવા કરતા હતા, તેમને શ્રીઠાકોરજીએ કેટલું દુઃખ આપ્યું? આપણે સેવા કરીએ છીએ તો ઘણા અપરાધ થાય, એટલે શ્રીઠાકોરજી દુઃખ આપે. જે સેવા કરતા નથી, તેમને કેટલું બધું સુખ છે!

સેવાથી દુઃખ અને સેવા ન કરવાથી સુખનું તારણ બિલકુલ સાચું નથી. શ્રીમહાપ્રભુજીનો જવાબ જુદો છે. શ્રીમહાપ્રભુજી 'બાલબોધ' ગ્રંથમાં સમજાવે છે કે જીવને અહંતામમતા વળગી છે. અહંતામમતાનું બીજું નામ માયા. માયા અવિદ્યા છે, એટલે મિથ્યા છે. માયા રૂપી પડદો ન હટે ત્યાં સુધી જીવાત્માનો મોક્ષ ન થાય. જન્મમરણનું ચક્ર ચાલતું જ રહે. દુઃખ નાશ ન પામે. અહંતામમતા જ દુષ્કર્મો કરાવે છે, પાપ કરાવે છે, દુઃખ આપે છે. શોક કરાવે છે.

મોક્ષ માટેની એક શરત એવી છે કે પૂર્વજન્મો અને આ જન્મ સહિતનાં ભેગાં થયેલાં બધાં જ પુણ્ય અને પાપ ભોગવાઇ જવાં જોઇએ. બંનેનું બેલેન્સ 'શૂન્ય' થાય, ત્યારે જ જીવાત્માનો મોક્ષ થાય. તે ગોલોકગમનનો પણ અધિકારી બને. શ્રીમહાપ્રભુજી પાપને લોખંડની બેડી અને પુણ્યને સોનાની

બેડી કહે છે. બંને આત્માને જકડી રાખનાર બેડી તો છે જ. આથી શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે વૈષ્ણવે પાપકર્મ તો સ્વપ્નમાં ય ન કરવું. એવી જ રીતે કોઇ સત્કર્મ પુણ્ય મેળવવાના હેતુથી તો ન જ કરવું. ફરજના ભાગ રૂપે સત્કર્મ કરવાં. આમ નવાં પાપ-પૂણ્ય થતાં રોકવાં.

બાકી રહ્યાં સંચિત-ભેગાં થયેલાં પાપ-પુણ્યો. આ જન્મમાં વૈષ્ણવત્વ મળ્યું, સેવાસ્મરણ મળ્યાં. તે કરતાં પુણ્ય ભોગવાઇ જશે. પુણ્યનું ખાતું સરભર થશે. બાકી રહ્યું પાપનું ખાતું, તે મોટું છે. પરંતુ શ્રીઠાકોરજી ઇચ્છે છે કે વધુ સહનશક્તિ રાખીને તે પણ ભોગવી લો.

લગ્ન મહાલવા જવું છે, બસમાં ભારે ભીડ છે. તો આપણે કહીએ છીએ કે કલાકની મુસાફરી છે. ઊભા રહેવાની, થોડા કચડાવાની, ગરમીમાં શેકાવાની તકલીફ કલાક વેઠી લો. લગ્નના માંડવે ગયા પછી તો મજા જ મજા છે. આનંદ પામવા થોડું દુઃખ માણસ વેઠતો જ આવ્યો છે. દુનિયાનો એવો કોઇ આનંદ નથી, જે દુઃખ વેઠ્યા વિના મળે. તો ભગવદાનંદ તો અલૌકિક છે, સનાતન- શાશ્વત છે. તે પામવા માટે, શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ જિંદગીમાં તમારા પાપખાતામાંથી જેટલાં પાપ ભોગવવાનાં થાય છે, તેના બદલે પાછલાં સો વર્ષનાં પૂરા પાપખાતાનાં બધાં પાપ હિંમત રાખી, ભોગવી લો. જેથી ફરીથી જન્મ લેવો ન પડે.

શ્રીમહાપ્રભુજી 'નવરત્ન' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે શ્રીપ્રભુ જે પુષ્ટિજીવો ઉપર કૃપા કરે છે, જેમને હવે બીજો જન્મ આપવા માગતા નથી, તેમને તેમનું પાપખાતું સરભર કરવા લૌકિક-વૈદિક જીવનમાં સ્વસ્થતા આપતા નથી. 'લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ.' એનો અર્થ એ થયો કે જે પુષ્ટિજીવોને આ લોકમાં વધારે દુઃખ આવે છે, તે શ્રીપ્રભુની દયાનું-કૃપાનું દાન છે. તેમના તરફ શ્રીપ્રભુએ કરેલી સ્પેશ્યલ ફેવર (ખાસ કૃપા) છે. એમનાં દુઃખ કર્મ, કાલ, સ્વભાવના સિદ્ધાંત અનુસાર નથી, કૃપાના સિદ્ધાંત અનુસાર છે. કૃપા ભગવાનનો 'વીટો' છે. વધુ દુઃખ આવે ત્યારે વૈષ્ણવે સમજવું કે તેમનો આ છેલ્લો જન્મ છે. એ વૈષ્ણવ માટે દુઃખ છે.

રાસલીલા પૂર્વે વેણુનાદ સાંભળી, કામભાવથી પીડાતાં ગોપીઓ વનમાં જવા તૈયાર થયાં. શ્રીપ્રભુ કામભાવવાળા જીવોનો અંગીકાર કરતા નથી. છતાં તેમના ઉપર કૃપા કરી, તેમનો દોષ નિવૃત્ત કરવાનો ઉપાય શ્રીપ્રભુએ કર્યો. તે ગોપીઓનાં ઘરનાંએ તેમને જવા ન દીધાં. આથી ગોપીઓને અસહ્ય વિરહ થયો. વિરહાગ્નિમાં તેમનાં બધાં સંચિત પાપ બળી ગયાં. પાપ નાશ પામતાં, તેમણે અંતઃકરણમાં ભગવદાનુભવ થયો. પરિણામે તેમનાં બધાં પુણ્ય ભોગવાઇ ગયાં. પાપપુણ્ય શૂન્ય થતાં, તેમના પ્રાણ છૂટી ગયા. તેમને શ્રીપ્રભુએ પોતાના શ્રીઅંગમાં સાયુજ્ય મોક્ષ આપ્યો.

શ્રીહરિરાયજી છઠ્ઠા 'શિક્ષાપત્ર'માં સમજાવે છે કે 'લૌકિક કલેશસંબંધો હર્યંગીકૃતલક્ષણમ્.' પુષ્ટિજીવને તેના લૌકિક જીવનમાં કલેશ વધે તો સમજવું કે તે જીવનો પ્રભુએ અંગીકાર કર્યાનું તે લક્ષણ છે. શ્રીહરિરાયજી સમજાવે છે કે નાનો અબુધ બાળક સરકતા જતા સાપને રમકડું માની પકડવા જાય, તો તેની માતા પકડવા દેતી નથી. બાળક અબુધ હોવાથી પોતાનું હિત-અહિત જાણતો નથી. માતા જાણે છે. માતા બાળકને રડવા દેશે, સાપ પકડવાનો આનંદ નહીં લેવા દે. આપણે અબુધ બાળક જેવા છીએ, આપણું હિત-અહિત જાણતા નથી. શ્રીપ્રભુ સમજદાર છે. આપણા હિત-અહિતની રક્ષા કરનારા છે. લૌકિક સુખ સાપ જેવું છે. તેથી પ્રભુ પોતાના કૃપાપાત્ર જીવોને લૌકિક સુખો રૂપી સાપથી જાણીબૂઝીને દૂર રાખે છે. તે તેમની કૃપા છે, શાપ નથી.

લૌકિક સુખો જીવને પ્રભુથી વિમુખ કરે છે. અહંતામમતા વધારે છે. શ્રીહરિરાયજી દસમા 'શિક્ષાપત્ર' માં દસ પ્રકારનાં લૌકિક સુખો માટેની આપણી આસક્તિ બતાવે છે. (૧) પોતાની જાત-શરીર, ઇન્દ્રિયોની આસકિત (૨) સ્વજનોની આસક્તિ (૩) સ્વદેશની આસકિત (૪) ઘરની આસક્તિ (૫) ધનની આસક્તિ (૬) લૌકિક કાર્યોની આસક્તિ (૭) પ્રતિષ્ઠાની આસક્તિ (૮) મિત્રો, સંબંધીઓ તરફની આસક્તિ (૯) વ્યવસાયની આસક્તિ (૧૦) વૈદિક કર્મોની આસક્તિ.

આ બધી આસક્તિઓનાં જાળામાં ફસાયેલો પુષ્ટિજીવ બહિર્મુખ થાય, તે શ્રીપ્રભુ સહન કરી શકતા નથી. પુષ્ટિજીવ શ્રીપ્રભુનો જ બનીને રહે, તેમાં જ પુષ્ટિજીવનું હિત છે. બહિર્મુખતા અહિત કરનારી છે. આથી પુષ્ટિજીવની જેમાં જેમાં લૌકિકાસક્તિ થાય અને વધે, તે શ્રીપ્રભુ તેની પાસેથી છીનવી લે છે. તે છીનવાઇ જતાં અબુધ જીવ ખોટું સમજી બેસે છે કે શ્રીપ્રભુએ મને દંડ આપ્યો. વાસ્તવમાં શ્રીપ્રભુએ તો તેના પર દયા કરી છે.

લૌકિક બાબતોનો આપણો મોહ જ આપણને શોક-દુઃખ કરાવે છે. આ મોહ અને શોક બંને મિથ્યા છે, એ સમજ આવતાં દુઃખ 'દુઃખ' લાગતું નથી.

દુઃખમાં પુષ્ટિજીવનું કર્તવ્ય

શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં સમજાવ્યું કે નિયત દુઃખ તો આવશે જ, તેનાથી કોઇથી ભાગી શકાતું નથી. શ્રીરામ અને શ્રીકૃષ્ણે મનુષ્યાવતાર લીધા, તો તેમને પણ દુઃખનું લીલાનાટ્ય વેઠવું પડ્યું.

લૌકિક લોકો દુઃખ વેઠે અને પુષ્ટિજીવો દુઃખને સ્વીકારે એ બેમાં કોઇ ફરક ખરો? હા, શ્રીમહાપ્રભુજીના મતે લૌકિક જીવો શિયાળવાં જેવા છે. પુષ્ટિજીવો સિંહ જેવા છે. દુઃખનો પ્રસંગ આવે ત્યારે વૈષ્ણવના મનમાં નીચેના વિચાર દૃઢ રહેવા જોઇએ.

(૧) સર્વ કંઇ શ્રીપ્રભુની ઇચ્છા મુજબ જ થાય છે અને થશે. તેમના સિવાય બીજા કોઇનું ધાર્યું થવાનું નથી. આથી જે સુખદુઃખ મળે તેને સ્વીકારી લો. તેનો કકળાટ ન કરો. તે જીવી લો.

(૨) શ્રીપ્રભુ સૌનું હિત કરનારા છે. જેના માટે જે હિતકારી છે, તે તેને આપવા સર્વ 'સમર્થ' છે. શ્રીપ્રભુ જે આપે છે, તેમાં લાંબાગાળાનું આપણું હિત જ છે, એમ નિશ્ચિત માનો.

(૩) શ્રીપ્રભુ જ આપણા સમ્યક્ અર્થ રૂપ છે. એમને છોડી લૌકિકમાં સુખ શોધવાનાં ફાંફાં ન મારો.

(૪) શ્રીપ્રભુ પાસે ય માગણી (પ્રાર્થના) ન કરો. કોઇ દુઃખ કાયમનું તો હોતું જ નથી. ભિખારી બની નમાલા શીદને થવું?

(૫) શ્રીપ્રભુ સ્વામી છે. હું એમનો દાસ છું. એમને આધીન છું. તેઓ જેમ રાખે તેમ મારે રહેવું, એ જ મારો દાસધર્મ છે. તેઓ મને કેટલાં બધાં સુખ આપે છે! તેઓ એકાદ દુઃખ આપે તો તેનો કકળાટ કેમ?

(૬) કર્તાપણાનું અભિમાન અને ભોકતાપણાની મમતા છોડો. જે સમયે જે મળે તેને સંતોષથી જીવો.

(૭) શ્રીપ્રભુમાં અવિશ્વાસ કદાપિ ન કરો.

આવા દૃઢ મનોભાવ વૈષ્ણવે કેળવવા જરૂરી છે. તો દુઃખ સહ્ય બનશે.

શ્રીમહાપ્રભુજીએ ત્રણ પ્રકારનાં દુઃખ ધીરજથી વેઠવાના ત્રણ ઉપાયો બતાવ્યા.

(૧) આધિભૌતિક દુઃખો : શરીરનાં દુઃખો છાસ સમજીને વેઠવાં. છાશ માખણ કાઢ્યા બાદનું સત્વ વિનાનું દહીંનું પ્રવાહી છે. તે ઢોળાઇ જાય તો જીવ ન બળે. તેમ શરીર નાશવંત છે. એનો જીવ ન બાળવો. એક ભરવાડણનું દૃષ્ટાંત અપાયું. હતી રાજરાણી. રાજાને છોડી, ગરીબ પ્રેમીમાં ફસાઇ. ભાગવા જતાં નદીમાં તણાઇ. બચી ખરી, પણ પ્રેમીથી વિખૂટી પડી. નિરાધાર બની. પેટ ભરવા વેશ્યા થઇ. એનો દીકરો રાજકુંવર જ એકવાર તેના કોઠે આવ્યો, પાપથી પસ્તાઇ મરવા નદીમાં પડી. એક ભરવાડે બચાવી. એનું ઘર માંડ્યું. છાશ વેચવા જતાં ઠેસ વાગી. માથેથી માટલી પડી, ફૂટી ગઇ. તે હસવા લાગી. આટલાં દુઃખો પાસે માટલીના નુકશાનનું દુઃખ શું રડું?

(૨) આધ્યાત્મિક દુઃખો : શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમ જડ ભરતજીએ શરીરને ગૌણ ગણ્યું, માનસિક દુઃખોને સ્પર્શવાં ન દીધાં. જડવત બની જગતમાં રહ્યા, તેમ રહો. માનસિક -આધ્યાત્મિક દુઃખો રડવામાં જિંદગી બરબાદ ન કરો.

(૩) આધિદૈવિક દુઃખ : શ્રીપ્રભુ વ્રજ છોડી મથુરા પધાર્યા, ત્યારે ગોપીજનોને વિરહતાપકલેશનું આધિદૈવિક દુઃખ થયું. તે તેમણે સ્વીકારી લીધું. એ જ તેમને જીવાડનાર દિવ્ય બળ બની ગયું. તેમ વિરહતાપકલેશનું દુઃખ અવશ્ય અનુભવો. એમાં એવા ડૂબી જાવ કે લૌકિક દુઃખો યાદ જ ન આવે.

દુઃખ માગનાર ભક્ત

કુંતીજીએ ભગવાન શ્રીકૃષ્ણ પાસે, આથી જ, માગ્યું હતું કે જો તમે મારા ઉપર પ્રસન્ન હોવ અને મને વરદાન આપવા માગતા હોવ તો એટલું માગું છું કે મને સદા દુઃખ મળે, જેથી હું તમને સદા સંભારું. 'સુખમાં સાંભળે સોની, દુઃખમાં સાંભળે રામ.'

આથી વૈષ્ણવો દુઃખથી ક્યારે ય ડર્યા નથી, ડગ્યા નથી. સુખઃદુખમાં નિર્લેપ રહ્યા છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોનાં જવલંત ઉદાહરણો છે. કિશોરીબાઇને ઓછું દુઃખ હતું? બાળપણમાં ઘર છોડી નીકળી ગયેલા સૂરદાસજીને દુઃખ નહીં પડ્યાં હોય? માથે બાંધવાની પાગ માટે જેમની પાસે સળંગ વસ્ત્ર પણ ન હતું, તે ગોવિંદસ્વામીને યાદ કરો. આવેલા વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવા, અનાજ વેચાતું લાવવા ઘરમાં એક બીજી સાડી પણ વેચવા નથી. એ વૈષ્ણવદંપતીને યાદ કરો. સગો દીકરો કૃષ્ણદાસ શ્રીનાથજીની ગાયોની સેવા કરતાં, સિંહના મુખમાં હોમાઇ ગયો, તે પિતા કુંભનદાસજીને યાદ કરો. એમનાં લૌકિક દુઃખો પાસે આપણાં દુઃખ તો રાઇના દાણાં જેવડાં જ છે. તેમણે શ્રીઠાકોરજી સાથે મન કેવી પ્રસન્નતાથી જોડેલું રાખ્યું? ન કોઇ રાવ, ન ફરિયાદ. આથી જ અન્ય મનુષ્યો કરતાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મૂઠી ઊંચેરો છે. આપણે આવા શૂરવીર વૈષ્ણવોના વંશજ છીએ, તે વાત ન ભૂલીએ.

''ન ભૂલો તમે છો કૃપામાર્ગપંથી,
કૃપાપાત્ર થાવા કરો પ્રેમ ભક્તિ.''

પુષ્ટિમાર્ગને સમજવો છે?

દેખાદેખી અને આંધળું અનુકરણ આપણામાં – વૈષ્ણવોમાં પણ છે જ. તેથી આપણે હાસ્યાસ્પદ બનીએ છીએ અને મોંઘી જિંદગી વેડફાય છે. બીજા ધર્મો-સંપ્રદાયોના લોકોને અનુસરતાં, પુષ્ટિમાર્ગથી ભટકી જઈએ છીએ. તેથી પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ સમજવો જરૂરી છે.

ચાલીસી વટાવ્યા પછી, માણસ ધર્મ તરફ વળે છે. પોતાની યુવાન પેઢીના પ્રશ્નોના જવાબ શોધવા ફાંફાં મારે છે. પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ સમજવાની જિજ્ઞાસા જાગે છે.

આજના યુગમાં કોઈની પાસે શાંતિનો સમય નથી. કામધંધાની દોડધામમાં આ દષ્ટિકોણ વિષે સાંભળવા – સમજવા – વાંચવાનો વખત નથી. બધું 'ફાસ્ટ' – 'ઈન્સ્ટન્ટ' હોય તો જ ખપે છે. પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણ જરૂર સમજવો છે – પણ દોડતી ગાડીએ, ચાલતી બસ-મોટરમાં, ઝડપથી, થોડી મિનિટોમાં.

પ્રૌઢોની આ માંગ છે, યુવાનોની પણ આ જ માંગ છે. એમના કાજે આ 'પુષ્ટિ પરિચય શ્રેણી' શરૂ થઈ છે.

પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણથી જીવન સંબંધિત અનેક બાબતો પર આ પરિચય શ્રેણી પ્રકાશ પાડે છે. જીવનને જાણવા અને જીવવાની એક નવી બારી ખોલે છે. વિરાટ આકાશને એક નાની બારી દ્વારા જાણી માણી શકાય છે. 'પરિચય શ્રેણી'ની આ બારી દ્વારા પ્રા. રમેશભાઈ વિ. પરીખ આપણને પુષ્ટિમાર્ગના આકાશનાં દર્શન કરાવે છે.

■